પાકિસ્તાન અને ચીને મળીને મ્યાનમાર સાથે છેતરપિંડી કરી છે. મ્યાનમાર હાલમાં ગૃહયુદ્ધનો સામનો કરી રહ્યું છે તેથી તેને ફાઈટર જેટની જરૂરિયાત છે. મ્યાનમારે ચીન અને પાકિસ્તાન દ્વારા બનાવેલા ત્નહ્ન-૧૭ ફાઈટર એરક્રાફ્ટની ખરીદી કરી છે, પરંતુ તે તેના માટે ભંગાર સાબિત થઈ રહ્યું છે. મ્યાનમારના સૈન્ય શાસક મિંગ આંગ હલાઈંગ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શાહબાઝ શરીફ અને આર્મી ચીફ જનરલ અસીમ મુનીર પર ગુસ્સે થયા છે. પાકિસ્તાને ૨૦૧૯ અને ૨૦૨૧ વચ્ચે મ્યાનમારને ત્નહ્ન-૧૭ ફાઈટર જેટ વેચ્યું હતું, જેને હવે ઉડાન માટે અનફિટ જાહેર કરવામાં આવ્યું છે. તેનાથી બંને દેશો વચ્ચે તણાવ વધુ ઊંડો બન્યો છે. તાજેતરમાં પાકિસ્તાન પાસેથી મેળવેલા આ ફાઈટર જેટ્સ હવે મ્યાનમાર એરફોર્સ માટે કોઈ કામના નથી અને તેને ગ્રાઉન્ડ કરવું પડ્યું છે. આ પ્લેનમાં ઘણી સમસ્યાઓ સામે આવી છે. ૨૦૧૬માં મ્યાનમારે પાકિસ્તાન અને ચીનના સંયુક્ત ફાઈટર જેટ ત્નહ્ન-૧૭ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ત્નહ્ન-૧૭ મળતાની સાથે જ તેમાં સમસ્યાઓ ઉભી થવા લાગી હતી. આ પ્લેનમાં માળખાકીય સમસ્યાઓ પણ આવવા લાગી હતી. આટલું જ નહીં વર્ષ ૨૦૨૨માં જ્યારે આ એરક્રાફ્ટનું એડવાન્સ વર્ઝન ડિલિવરી કરવામાં આવ્યું ત્યારે તેમાં પણ આવી જ સમસ્યાઓ ઉભી થઈ હતી. મ્યાનમાર પાસે હાલમાં ૧૧ ત્નહ્ન-૧૭ ફાઈટર જેટ છે, પરંતુ ટેક્નિકલ ખામીને કારણે તેમાંથી એક પણ એરક્રાફ્ટ હાલમાં ઉડાન ભરવાની સ્થિતિમાં નથી. પાકિસ્તાની એન્જિનિયરોની ગુપ્ત મુલાકાત અને અનેક પ્રયાસો છતાં આ વિમાનોનું સમારકામ થઈ શક્યું નથી. જેના કારણે મ્યાનમારની સૈન્ય સરકાર નારાજ છે. મ્યાનમારે હવે આ સંકટ પર પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે. મ્યાનમારે હવે ચીનને આ સમગ્ર મામલે હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે. તાજેતરમાં, ચીનના રાજદૂત મ્યાનમારના જનરલ મિનને મળ્યા હતા અને તેમને ચીનનો સંદેશ આપ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે હવે પાકિસ્તાન મ્યાનમારને આ ડીલને અકબંધ રાખવા વિનંતી કરી રહ્યું છે અને ફાઈટર જેટનું વધુ એડવાન્સ વર્ઝન આપવાનું વચન આપી રહ્યું છે. પરંતુ મ્યાનમારની સેના હજુ આ માટે તૈયાર નથી. મ્યાનમારના સૈન્ય શાસકો ગુસ્સે છે કે તેઓ ઈચ્છે તો પણ લોકશાહી તરફી બળવાખોરો પર હવાઈ હુમલો કરી શકતા નથી. મ્યાનમારમાં બિનઉપયોગી સાબિત થયા બાદ હવે પાકિસ્તાન લેટિન અમેરિકન દેશોને પણ ત્નહ્ન-૧૭ વિમાન વેચી શકશે નહીં. આનાથી તેની સમગ્ર યોજનાને મોટો ફટકો પડ્યો છે. મ્યાનમારની સેનાએ હવે પાકિસ્તાન સાથે વાત કરવાનો પણ ઈન્કાર કરી દીધો છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો પાકિસ્તાન આ વિમાનોનું સમારકામ કરે તો પણ મ્યાનમારની વાયુસેના તેમને ઉડાવી શકશે નહીં.

# નયનતારાની લોકપ્રિયતાએ કેટરિના કૈફનો રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી, નયનતારાએ જવાનની રિલીઝ પહેલા ઈન્સ્ટાગ્રામ પર ઓફિશિયલ પ્રવેશ કર્યો છે. સોશિયલ મીડિયા પર એન્ટ્રી કરતાની સાથે જ નયનતારાનું સ્ટારડમ છવાઈ ગયું છે. ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ ઝડપથી એક મિલિયન ફોલોઅર્સ મેળવવાનો રેકોર્ડ નયનતારાએ બનાવી લીધો છે. ઈન્સ્ટાગ્રામ પર આગમનના ૧૦ કલાકમાં જ ૧૦ લાખ ફોલોઅર્સ મળી જતાં નયનતારાએ બંને હાથ ખુલ્લા રાખીને ફેન્સનો આભાર માન્યો હતો. નયનતારાના આગમન પહેલા સોશિયલ મીડિયા પર સૌથી વધુ ઝડપથી ફોલોઅર્સ મેળવવાનો રેકોર્ડ કેટરિના કૈફનો હતો. કેટરિનાને ૨૪ કલાકમાં એક મિલિયન ફોલોઅર્સ મળ્યા હતા. નયનતારાએ ઈન્સ્ટાગ્રામમાં જોડાયા બાદ જવાનનું હિન્દી ટ્રેલર શેર કર્યું હતું. આ સાથે તેણે તેના જોડિયાં દીકરાં સાથેનો ફોટોગ્રાફ પણ શેર કર્યો હતો. ફોટો શેરિંગ પ્લેટફોર્મ પર નયનતારા હાલ માત્ર ૧૦ વ્યક્તિને ફોલો કરે છે. જેમાં તેના પતિ વિજ્ઞેશ સિવાન અને જવાન કો સ્ટાર શાહરૂખ ખાનનો સમાવેશ થાય છે. ૩૮ વર્ષીય નયનતારા સામંથા રૂથ પ્રભુ, પ્રિયંકા ચોપરા જોનાસ, મિશેલ ઓબામા જેનિફર એનિસ્ટનને પણ ફોલો કરે છે. નયનતારાએ જવાન ફિલ્મમાં પાવરફુલ પોલીસ ઓફિસરનો રોલ કર્યો છે. સમાજમાંથી દૂષણને દૂર કરવાના મક્કમ નિર્ધાર સાથે તે ગુનેગારોનો સામનો કરે છે. નયનતારાએ આ ફિલ્મ માટે રૂ.૧૧ કરોડની ફી મેળવી હોવાનું કહેવાય છે. શાહરૂખ ખાને જવાન ફિલ્મને નારી સશક્તિકરણ સાથે સરખાવી છે ત્યારે નયનતારાનો દમદાર રોલ પર સૌની નજર રહેશે. નયનતારા ઉપરાંત દીપિકા પાદુકોણ પણ જવાનમાં એક્શન રોલ કરી રહી છે. દીપિકાનો સ્પેશિયલ રોલ છે, પરંતુ તેની એક ઝલકે સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવી દીધો છે. સાડી પહેરીને દીપિકાએ શાહરૂખ સાથે ફાઈટ સીક્વન્સ કર્યો છે. દીપિકાની આ અદાને ઓડિયન્સે પઠાણના સીક્વન્સ સાથે સરખાવી છે. જવાનના ટ્રેલરમાં નયનતારાનો એક્શન અને રોમેન્ટિક અંદાજ બંને જોવા મળે છે. શાહરૂખ સાથે રોમાન્સ કરવાની સાથે નયનતારાએ ઓનસ્ક્રિન દુષ્ટોનો નાશ પણ કર્યો છે. સાઉથની ફિલ્મોમાં નયનતારા અગાઉ આ પ્રકારના રોલ કરી રહી છે. પહેલી વખત પાન ઈન્ડિયા ફિલ્મમાં નયનતારા આવી રહી છે.

# પ્રોડ્યુસર કલાનિધિ મારને રજનીકાંતને લક્ઝુરિયસ કાર અને એક ચેકની ભેટ આપી

નવીદિલ્હી, જેલરની સફળતાએ રજનીકાંતને દેશના સૌથી મોંઘા સ્ટાર બનાવી દીધા છે. ઓગસ્ટ મહિનામાં રિલીઝ થયેલી રજનીકાંતની આ ફિલ્મે વર્લ્ડવાઈડ રૂ.૫૬૫ કરોડનું કલેક્શન મેલવ્યું છે. જેલરને ઐતિહિક સફલતા મળતાં સન પિક્ચર્સના સંચાલક અને પ્રોડ્યુસર કલાનિધિ મારને રજનીકાંતને લક્ઝુરિયસ કાર અને એક ચેકની ભેટ આપી હતી. આ ચેક રૂ.૧૦૦ કરોડનો હોવાનું કહેવાય છે. સન પિક્ચર્સના ઓફિશિયલ એકાઉન્ટમાંથી ટ્વિટર પર ફોટોગ્રાફ શેર થયો હતો. જેલરની ઐતિહાસિક સફળતાની ઉજવણી અંતર્ગત કલાનિધિ મારન સુપરસ્ટાર રજનીકાંતને મળ્યા છે અને તેમને ચેક આપ્યો છે. સોશિયલ મીડિયા પર આ ફોટોગ્રાફ વાઈરલ થઈ રહ્યો છે. મારને રજનીકાંતને રૂ.૧.૨૬ કરોડની લક્ઝુરિયસ બીએમડબલ્યુ કાર ભેટમાં આ છે. મારન તેમના માટે બીએમડબ્યુ એક્સ ૭ અને બીએમડબલ્યુ આઈ ૭ લઈને આવ્યા હતા અને રજનીકાંતને કાર પસંદ કરવા કહ્યું હતું. તેમણે બીએમડબ્યુ એક્સ ૭ પસંદ કરી હતી. મારને સુપરસ્ટાર રજનીકાંતને આપેલા કવરમાં એક ચેક હતો. આ ચેકમાં રૂ.૧૦૦ કરોડની એમાઉન્ટલખેલી હતી. ચેન્નઈની સિટી યુનિયન બેન્કનો આ ચેક હતો. જેલરના પ્રોફિટ શેરિંગના ભાગરૂપે રજનીકાંતને આ ચેક મળ્યો હતો. રજનીકાંતને ફિલ્મ માટે અગાઉ ૧૧૦ કરોડ ફી મળી હતી. હવે આ ચેક મળતાં રજનીકાંતને કુલ રૂ.૨૧૦ કરોડ મળ્યા છે અને તેઓ ભારતના સૌથી મોંઘા એક્ટર બન્યાં છે. રિપોર્ટ્સ મુજબ ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલના વિસ્તારોમાં સૌથી વધુ કમાણી કરનારી સાઉથ ઈન્ડિયન ફિલ્મોમાં જેલરનો ત્રીજો ક્રમ છે. પહેલા નંબરે કેજીએફ: ચેપ્ટર ૨ અને બીજા ક્રમે બાહુબલિ ૨-ધ કન્ક્લ્યુઝન છે. ૧૦મી ઓગસ્ટે જેલર રિલીઝ થઈ હતી અને માત્ર ૧૦ દિવસમાં ૫૦૦ કરોડથી વધુનું કલેક્શન મેળવ્યું હતું. નેલ્સન દિલીપકુમારના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મે ઓવરસીઝ માર્કેટમાં પણ સારો બિઝનેસ કર્યો હતો.

# ફક્ત ૭ મિનિટમાં કેન્સરની સારવાર થશે...

નવીદિલ્હી

કેન્સર રોગ દર વર્ષે તેનો વ્યાપ વધી રહ્યો છે. જો કે, જો યોગ્ય સમયે શોધી કાઢવામાં આવે, તો તેને હરાવી શકાય છે. કેન્સરની સારવારના પડકારો અને દર્દીઓની તકલીફને દૂર કરવા માટે બ્રિટિશ વૈજ્ઞાનિકોએ એક એવી રસી તૈયાર કરી છે જેનાથી માત્ર સાત મિનિટમાં રોગ મટાડવાનો દાવો કરવામાં આવ્યો છે. મેડિકલ સાયન્સની પ્રગતિના આ યુગમાં કંઈ પણ શક્ય છે. બ્રિટિશ વૈજ્ઞાનિકો દ્વારા જે ઈન્જેક્શન વિકસિત કરવામાં આવ્યું છે તે કેન્સરની સારવાર માટે લાગતા સમયને નોંધપાત્ર રીતે ઘટાડશે. 'રોયટર્સ'માં છપાયેલા અહેવાલ મુજબ, આ કેન્સરની રસી બનાવનારી ટીમે સરકાર પાસેથી મંજૂરી માંગી છે. તેમનું કહેવું છે કે આ મંજુરીથી તેઓ તેમના દર્દીઓને અનુકૂળ અને ઝડપી સંભાળ પૂરી પાડવા માટે જ નહીં, પરંતુ ડોકટરોને એક દિવસમાં પહેલા કરતાં વધુ દર્દીઓની સારવાર કરવા સક્ષમ બનાવશે. રસીનું નામ અને તે કેવી રીતે કરે છે કામ તે પણ જાણો.. એટલે કે, બ્રિટનનો આરોગ્ય વિભાગ દુનિયાની પ્રથમ આવી સર્વિસ આપવા જઇ રહ્યો છે, જે દેશના સેંકડો કેન્સરના દર્દીઓને આ 'ચમત્કારિક' ઈન્જેક્શન દ્વારા જલદીથી સાજા કરશે અને તેમની સારવાર માટે લાગતો સમય પણ ત્રણ ચતુર્થાંશ સુધી ઘટાડશે. મેડિસિન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી (સ્ર્ઉંઇછ) તરફથી મંજૂરી મળ્યા પછી, આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે અત્યાર સુધી ઈમ્યુનોથેરાપીથી સારવાર લેતા સેંકડો દર્દીઓને હવે એટેઝોલિઝુમાબના ઈન્જેક્શન આપવામાં આવશે, જે વધુ સારા પરિણામો આપશે. એટેઝોલિઝુમાબ, જેને ટેસેન્ટ્રિક તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને ડાયરેક્ટ ઈન્ટ્રાવેનસ ઈન્જેક્શન તરીકે અથવા નસમાં ટીપાં દ્વારા આપવામાં આવશે. આ પ્રક્રિયામાં લગભગ ૭ મિનિટનો સમય લાગશે અને દર્દીને શક્ય તેટલી વહેલી તકે રાહત મળશે.

ઈમ્યુનોથેરાપી સારવાર.. જે જણાવીએ, એટેઝોલિઝુમાબ એ ઈમ્યુનોથેરાપી સારવાર છે. તે શરીરમાં કેન્સરના કોષોને શોધીને તેનો નાશ કરશે. હાલમાં, ફેફસાં, સ્તન અને લીવરના કેન્સરના દર્દીઓને આ સારવાર આપવામાં આવશે. અત્યાર સુધી આ કેન્સરની સારવારને સરળ બનાવવામાં ઘણી મદદ મળશે. એટલે કે દવા થોડા જ સમયમાં શરીરમાં જશે અને કેન્સરના કોષોને ખતમ કરવાનું કામ કરશે. ઈમ્યુનોથેરાપી સારવાર શું છે?.. જે જણાવીએ, નિષ્ણાતોના મતે ઈમ્યુનોથેરાપી સારવારમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ સક્રિય થાય છે. આ સાથે તે કેન્સરના કોષોને ઓળખે છે અને તેનો નાશ કરે છે. આ ઈન્જેક્શન દ્વારા કેન્સરના દર્દીઓના શરીરમાં ઈમ્યુનોથેરાપી દવાઓ પહોંચાડવામાં આવશે. જેના કારણે તે કેન્સરના કોષોને ખતમ કરશે. ઈમ્યુનોથેરાપી એ કેન્સરની સારવારનો એક ભાગ છે, જો કે હાલમાં તે માત્ર થોડા જ દેશોમાં પ્રેક્ટિસ કરવામાં આવે છે.

કેમ ચમત્કાર ગણવામાં આવી રહી છે આ શોધ?.. જે જણાવીએ, સમગ્ર વિશ્વમાં કેન્સર એક ગંભીર રોગ બની ગયો છે. દર વર્ષે લાખો લોકો આ રોગથી મૃત્યુ પામે છે. સ્ત્રીઓમાં સ્તન અને અંડાશયનું કેન્સર અને પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર ઝડપથી વધ્યું છે. કેન્સર પીડિતોનું કહેવું છે કે કીમોથેરાપી એ પીડાદાયક સારવાર છે. આવા જ એક સવાલના જવાબમાં ઈંગ્લેન્ડની કેન્સર ઈન્સ્ટિટ્યૂટના નેશનલ ડાયરેક્ટર પ્રોફેસર પીટર જોન્સને કહ્યું, 'વિશ્વમાં આ પ્રકારની પ્રથમ સારવારથી દર્દીઓને હોસ્પિટલમાં ઓછું રહેવું પડશે. આ સાથે જ ડોક્ટરો કીમોથેરાપી જેવી જટિલ સારવારમાં કિંમતી સમય બચાવી શકશે. કેન્સરના દર્દીઓની સારવાર દરમિયાન તેમના માટે જીવનની શ્રેષ્ઠ ગુણવત્તા જાળવવી અમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે, તેથી ત્વચામાં ઈન્જેક્શન આપવાથી કેન્સરની સારવારમાં ક્રાંતિ આવશે.'

# ૩૧ હજાર રૂપિયા પ્રતિ કિલોની માછલી વેચીને બની ગયા લાખપતિ

નવી દિલ્હી, દિઘા (પશ્ચિમ બંગાળ)માં રહેતા માછીમારો લાખો રૂપિયાની દુર્લભ પ્રજાતિની માછલી 'તેલિયા ભોલા' મળ્યા બાદ હિલ્સા માછલીનું દુઃખ ભૂલી ગયા છે.

ભારે વરસાદ અને તેજ પવનને કારણે, દિઘામાં માછલી ઉત્પાદન માટે અનુકૂળ પરિસ્થિતિઓને અસર થઈ છે,

તેથી દિઘામાં હિલ્સા માછલીનું ઉત્પાદન ઘટ્યું છે. દિઘા એસ્ટ્યુરી ફિશ ઓક્શન સેન્ટર એ પૂર્વ ભારતમાં સૌથી મોટું દરિયાઈ માછલીનું હરાજી કેન્દ્ર છે, પરંતુ હવામાનની વિસંગતતાને કારણે આ વર્ષે દરિયામાં હિલ્સા માછલી અને અન્ય માછલીઓ પકડવામાં ઘટાડો થયો છે. ઓગસ્ટ મહિનાના અંતમાં અતિશય ગરમ વરસાદ પડ્યો હતો, પરિણામે દરિયામાં માછીમારી કરવી મુશ્કેલ બની ગઈ હતી. જેના કારણે દિઘા એસ્ટ્યુરી ફિશ ઓક્શન સેન્ટરમાં દરિયાઈ માછલીની હરાજીમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો

અને માછીમારોની આવકને પણ અસર થઈ હતી, પરંતુ આ ઉદાસી ત્યારે ખુશીમાં ફેરવાઈ ગઈ જ્યારે લાખો રૂપિયાની કિંમતની 'તેલિયા ભોલા' હરાજી કેન્દ્ર પર આવી. આ માછલીએ દિઘા મુખના ઉદાસ વાતાવરણને ખુશીમાં બદલી નાખ્યું. મુહાના ફિશ ઓક્શન સેન્ટર ખાતે કુલ ૯ "તેલિયા ભોલા" માછલીઓની હરાજી કરવામાં આવી હતી. તેમની કિંમત આશરે રૂ. ૩૧ હજાર પ્રતિ કિલો છે અને દરેક માછલીનું વજન આશરે ૨૫-૩૦ કિલો છે. જે દિવસે માછીમાર માછલીઓને દીઘાના નદીમુખમાં લાવે છે, તે જ દિવસે માછલીઓને મુકવામાં આવે છે. આ તેલિયા ભોલા માછલીઓ ઊંડા સમુદ્રમાં જોવા મળે છે. આ માછલીના ક્રેકર્સ અને અન્ય ભાગોનો ઉપયોગ જીવન ટકાવી દવાઓ બનાવવામાં થાય છે, તેથી અહીંની માછલીઓ વિદેશમાં નિકાસ કરવામાં આવે છે. દીઘા એસ્ટ્યુરી ફિશરમેન એન્ડ ફિશ ટ્રેડર્સ એસોસિએશનના ઉપપ્રમુખ નબકુમાર પોઈરાએ જણાવ્યું હતું કે આ માછલી મૂળભૂત રીતે ઊંડા સમુદ્રની માછલી છે. આ માછલીના આંતરડાનો ઉપયોગ દવા બનાવવામાં થાય છે, તેથી વિશ્વ બજારમાં તેની ખૂબ માંગ છે અને કિંમતો ઉંચી છે. આ માછલી ફિશિંગ ટ્રોલરમાંથી પકડાઈ હતી. જો કે, આ સિઝનમાં હિલ્સા માછલીની અછતનો સામનો કરી રહેલા માછીમારો 'તેલિયા ભોલા' માછલી મળતાં ખુશ છે.

# અમેરિકામાં એક વ્યક્તિએ ૭૦૦૦ લોકો સાથે ૧ અબજ રૂપિયાનું ફ્રોડ કર્યું

વોશિંગ્ટન, અમેરિકામાં એક કૌભાંડે બધાને હચમચાવી દીધા છે. ટેક્નિકલ સપોર્ટના એક કૌભાંડને કારણે ૭ હજારથી વધુ લોકોને ૧૩ મિલિયન ડોલરનું નુકસાન થયું છે. આ કૌભાંડના આરોપમાં ભારતીય મૂળના નાગરિક મનોજ યાદવની ન્યુ જર્સીમાંથી ધરપકડ કરવામાં આવી છે. મનોજ યાદવ પર ઓનલાઈન ફ્રોડનો આરોપ છે અને તેને ગુરુવારે જ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. મનોજ યાદવ એક સોફ્ટવેર કંપનીમાં કામ કરતો હતો, તેના પર તેના સહયોગીઓ સાથે મળીને કંપનીના ગ્રાહકોને છેતરવાનો આરોપ છે.

# રિલાયન્સે વર્લ્ડ કપ ટુર્નામેન્ટ પહેલા 'કેમ્પા ક્રિકેટ' ડ્રિંક લોન્ચ કર્યું

નવીદિલ્હી

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડની સંપૂર્ણ-માલિકીની સબસિડિયરી અને એફએમસીજી પાંખ રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે, અનોખા ક્રિકેટ-થીમયુક્ત પીણાં, કેમ્પા ક્રિકેટને લોંચ કરવાની સાથે પોતાના બેવરેજ પોર્ટફોલિયોના વિસ્તરણની જાહેરાત કરી છે. ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરપૂર, કેમ્પા ક્રિકેટ એ લેમન-ફ્લેવર્ડ કાર્બોનેટેડ પીણું છે જે ભારતભરના ઉન્માદપૂર્ણ ક્રિકેટ ચાહકોને સમર્પિત છે.

તરોતાજા કરનારું આ પીણું ખાસ મેદાન ઉપર અને મેદાન બહાર ઉપભોક્તાઓને રિહાઈડ્રેટ અને રિવાઈટલાઈઝ કરવા માટે ખાસ વિકસાવાયું છે. "કેમ્પા ક્રિકેટનો ઉદ્દેશ બ્રાન્ડ કેમ્પા અને ભારતના સૌથી મોટા ઉન્માદમાં સ્થાન ધરાવતી, ક્રિકેટની રમત વચ્ચે મજબૂત જોડાણ સ્થાપિત કરવાનો છે. ક્રિકેટના ચાહકો તેમના ફેવરિટ ક્રિકેટર્સ માટે ચીયર કરી રહ્યા હોય અથવા તો તેમની રોજિંદી કામગીરી હાથ ધરી રહ્યા હોય આ પીણું ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરપૂર હોવાથી તે નમકની આપૂર્તિ કરીને શરીરને નવપલ્લિત કરી દે છે અને લેમની રિફ્રેશમેન્ટ પણ પૂરું પાડે છે," એમ RCPLના પ્રવક્તાએ જણાવ્યું હતું. કેમ્પા ક્રિકેટ સખ્યાબંધ ફોર્મેટમાં ઉપભોક્તાઓ સમક્ષ ઉપલબ્ધ થશે, જેમાં ૨૫૦ મિલિના પેકનો સમાવેશ થાય છે જે રૂ. ૨૦ની કિંમતે ઉપલબ્ધ થશે, જ્યારે ૫૦૦ મિલિ પેક રૂ. ૩૦ની કિંમતે ઉપલબ્ધ થશે. આ પીણું કર્ણાટક, તમિળનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને ઉત્તરપ્રદેશ સહિતના મુખ્ય રાજ્યોમાં લોંચ કરવામાં આવશે. કેમ્પા ક્રિકેટની પ્રસ્તુતિ એ વાજબી કિંમતે ભારતીય ઉપભોક્તાઓને ઉચ્ચ ગુણવત્તાશીલ અને નવતર પ્રોડક્ટ્સની વિશાળ રેન્જ પ્રસ્તુત કરવાના RCPLના લક્ષ્યની સાક્ષી પૂરે છે. આ લોન્ચ સાથે ઈઝ્ઝ કેમ્પા, રાસકિક, અને સોસ્યો હજૂરીનો સમાવેશ ધરાવતા પીણાંની વૃદ્ધિ પામતી બેવરેજ રેન્જને સુદૃઢ બનાવી રહી છે.

RCPLનો વૈવિધ્યસભર એફએમસીજી પોર્ટફોલિયો હાલ તેની પોતાની બ્રાન્ડ ઈન્ડિપેન્ડન્સ હેઠળ દૈનિક વપરાશની ચીજો, લોટસ ચોકોલેટ્સ અને ટોફીમેન તરફથી કન્ફેક્શનરી,

શ્રીલંકાની અગ્રણી બિસ્કીટ બ્રાન્ડ માલિબાન, એલન્સ બગલ્સ કોર્ન ચિપ્સ તથા હોમ એન્ડ પર્સનલ કેર પ્રોડક્ટ્સને ડોઝો, એન્ઝો તથા ગેટ રિયલ જેવી બ્રાન્ડ્સ હેઠળની વિશાળ રેન્જ ધરાવે છે.

# આઈઆરસીટીસીનું ગોવાનું ૩ નાઈટ ૪ ડેનું હવાઈ યાત્રાનું પેકેજ

મુંબઈ, આઈઆરસીટીસીએ ભારત ગૌરવ ટ્રેનથી દેશના વિવિધ ભાગોમાં આવેલા પ્રવાસન અને ધાર્મિક સ્થળો પર યાત્રા માટે ટુર પેકેજ શરુ કર્યા છે. તો બીજી બાજુ દેશના ચર્ચિત પ્રવાસન સ્થળોની યાત્રા માટે હવાઈ પેકેજ પણ લોન્ચ કરી રહી છે. આ વખતે આઈઆરસીટીસીએ આવતા મહિનાથી એટલે કે ઓક્ટોમ્બરમાં ગોવા માટે હવાઈ યાત્રાનું પેકેજ તારીખ ૬ ઓક્ટોમ્બર ૨૦૨૩થી ૯ ઓક્ટોમ્બર ૨૦૨૩ સુધી ૩ રાત્રી ૪ દિવસનું પેકેજ જાહેર કર્યુ છે. આ પેકેજમાં પર્યટકો માટે લખનઉ થી ગોવા જવા આવવાની ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે ત્યા રોકાણની વ્યવસ્થા થ્રી સ્ટાર હોટલમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**પાર્સલ સ્પેસ ભાડે આપવા માટે ઈ-હરાજી**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર ની ઑફિસ, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ – 382345 પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝન. **નંબર WR-ADIOCOMM(9LPP)/3/2022 તારીખ: 01.09.2023;** અમદાવાદ ડિવિઝન પરથી ઉપડતી પેસેન્જરને લઈ જતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ ભાડે આપવા માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. **નીચેના બંને કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવેલ છે.** વિગતો નીચે જણાવ્યા મુજબ છે:-

| કેટલોગ નં. | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| ADI-Lease -10-23 | પાર્સલ | પાર્સલ - SLR અને VP | તમામ લોટ માટે ઈ-હરાજી તારીખ 16.09.2023 ના રોજ 11:00 કલાકે શરૂ થશે |

**નોંધ:-** સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર **e-Auction Leasing module** ની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. લોટ વાઈસ વિગતો તેમાં ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલીંગ ઑફ સમયગાળો 30 મિનિટ છે. ક્રમિક લોટ ક્લોઝિંગ ઈન્ટરવલ 10 મિનિટ છે. લોટ વાઈસ બંધ થવાનો સમય IREPS ના e-Auction module પર જોઈ શકાય છે. 139

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**રેહતાન ટીએમટી લિમીટેડ**

(જુનુ નામ : રેહતાન રોલીંગ મીલ્સ પ્રાઈવેટ લિમીટેડ)

CIN: L27100GJ1984PLC007041

રજીસ્ટર્ડ ઓફીસ: ૭મે માળ, અશોકા ચેમ્બર્સ, મીઠાખળી છ રસ્તા, અમદાવાદ ૩૮૦૦૦૬.

ફોન નં. : ૦૭૯ ૨૬૪૬૩૨૨૭. E-mail ID: rhetantmt@gmail.com, Website: www.rhetan.com

**વાર્ષિક સામાન્ય સભા, ઈ–વોટીંગ માહિતી તથા બુક બંધ થવાની તારીખની નોટિસ**

આથી સભ્યોને જણાવવામાં આવે છે કે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના પરિપત્ર નં ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને પરિપત્ર નં ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ (એમ.સી.એ. પરિપત્રો) તથા સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ (સેબી પરિપત્ર) અને અન્ય તમામ સંબંધિત પરિપત્રો સમયાંતરે જારી કરવામાં આવેલ છે તેને ધ્યાનમા રાખીને કંપનીના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા (એ.જી.એમ.) તા. ૨૮મી, સપ્ટેમ્બર ૨૦૨૩, ગુરૂવાર ના રોજ બપોરે ૩:૩૦ વાગે વિડિયો કોન્ફરન્સ (વી.સી.) અન્ય ઓડિયો વિઝ્યુલ માધ્યમ (ઓ.એ.વી.એમ.) દ્વારા યોજાશે, જેમા એ.જી.એમ. નોટિસમા દર્શાવવામાં આવ્યા મુજબના બિઝનેસ હાથ ધરાશે.

કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ તથા સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના, રેગ્યુલેશન ૪૨ અનુસાર સભ્યોનું પત્રક તથા શેર ટ્રાન્સફર બુક ૨૩મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૨૮મી, સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી બંધ રહેશે. (બંને દિવસો સહિત)

એમ.સી.એ. પરિપત્રો તથા સેબી પરિપત્રોને ધ્યાનમાં રાખીને કંપનીની વાર્ષિક સામાન્ય સભાની જાણ કરતી નોટિસ તથા નાણાકિય વર્ષે ૨૦૨૨-૨૩ માટેનો વાર્ષિક અહેવાલ, ઈલેક્ટ્રોનિક માધ્યમથી જે સભ્યોના ઈમેઈલ આઈડી કંપની તથા રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ તથા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સમક્ષ નોધાયેલા છે તેમને મોકલવામાં આવ્યા છે.

**રીમોટ ઈ–વોટીંગ :**

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮, કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) અમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૧૫ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના, રેગ્યુલેશન ૪૪ અન્વયે કંપની એ.જી.એમ.ની નોટીસમાં દર્શાવેલા કામકાજ અંગે વાર્ષિક સામાન્ય સભામાં ઈલેક્ટ્રોનિક માધ્યમથી મત આપી શકે તે માટે સભ્યોને સી.ડી.એસ.એલ. ના માધ્યમથી રીમોટ ઈ–વોટીંગની સુવિધા પુરી પાડે છે. સભ્યોને મોકલવામાં આવેલી એ.જી.એમ.ની નોટીસમાં રીમોટ ઈ–વોટીંગ અંગે વિસ્તૃત સૂચના આપવામાં આવી છે.કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અન્વયે પૂરી પાડવામાં આવતી વિગતો તથા નિયમો નીચેમુજબ છે :

૧. રીમોટ ઈ–વોટીંગ માટેની કટ ઓફ ડેટ ૨૨મી, સપ્ટેમ્બર ૨૦૨૩ છે.
૨. ઈ–વોટીંગની સમયમર્યાદા: ઈ–વોટીંગ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૨૩ ના સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે અને ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૩ ના સાંજે ૫:૦૦ કલાકે પૂર્ણ થશે.
૩. જો કોઈ વ્યક્તિ એ.જી.એમ.ની નોટીસ મોકલ્યા બાદ શેર હસ્તગત કરે અને કંપનીના સભ્ય બને તથા ૨૨મી, સપ્ટેમ્બર ૨૦૨૩ ની કટ ઓફ તારીખ સુધીમાં શેર ધરાવતા હોય, તો તે એ.જી.એમ.ની નોટીસમાં દર્શાવેલી રીમોટ ઈ–વોટીંગની સૂચના અને પ્રક્રિયા અનુસરીને તેમનો મત આપી શકે છે.
૪. જે વ્યક્તિનું નામ કટ ઓફ તારીખ સુધીમાં સભ્યોના રજિસ્ટરમાં હોય અથવા ડીપોઝીટરીઝ દ્વારા જાળવવામાં આવતા બેનીફીશીયલ ઓનર્સના રજિસ્ટરમાં હોય, તે જ એ.જી.એમ.માં મત આપવા તથા રીમોટ ઈ–વોટીંગની સુવિધાનો ઉપયોગ કરવા હકદાર રહેશે, તેમ છતાં, જો કોઈ વ્યક્તિ પહેલાથી જ સી.ડી.એસ.એલ.માં રીમોટ ઈ–વોટીંગ માટે નોંધાયેલી હોય, તો વર્તમાન યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મત આપવા માટે ઉપયોગમાં લઈ શકાશે.
૫. જો સભ્યો વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા એ.જી.એમ.માં ભાગ લેતા હોય અને જેમણે રીમોટ ઈવોટીંગ દ્વારા મત ન આપ્યો હોય, તે સભ્યો એ.જી.એમ.માં ઈવોટીંગ દ્વારા મત આપી શકશે.
૬. સભ્યો રીમોટ ઈવોટીંગ દ્વારા મત આપ્યા બાદ પણ એ.જી.એમ.માં વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા ભાગ લઈ શકશે, પરંતુ એ.જી.એમ.માં ફરી મત નહી આપી શકે.
૭. ઈવોટીંગ કરવાની, વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા એ.જી.એમ.માં ભાગ લેવાની તથા શેરહોલ્ડર્સ દ્વારા ઈમેઈલ આઈડી નોંધવાની પ્રક્રિયા એ.જી.એમ.ની નોટિસમાં આપવામાં આવેલ છે. એ.જી.એમ.ની નોટિસ, કંપનીની વેબસાઈટ www.rhetan.com સી.ડી.એસ.એલ.ની વેબસાઈટ www.evotingindia.com અને બી.એસ.ઈ.ની વેબસાઈટ www.bseindia.com પર ઊપલબ્ધ છે.
૮. ઈ–વોટીંગને લગતો કોઈ પ્રશ્ન હોય તો સભ્યો/ બેનીફીશીયલ ઓનર્સ www.evotingindia.com પર ઉપલબ્ધ ફ્રિકવન્ટલી આસ્કડ કવેશ્ચન્સ અને ઈ–વોટીંગ યુઝર મેન્યુઅલમાંથી માહિતી મેળવી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ–મેઈલ કરી શકે છે તથા ૧૮૦૦ ૨૨૫૫૩૩ ટોલ ફ્રી નંબર પર ફોન કરી શકશે.

સ્થળ: અમદાવાદ
તારીખ: ૦૬.૦૯.૨૦૨૩

**રેહતાન ટીએમટી લિમીટેડ**
બોર્ડ ઓફ ડિરેકટર્સના આદેશથી
સહી/ –
**શાલીન શાહ**
**મેનેજીંગ ડીરેકટર**
ડીઆઈએન : ૦૦૨૯૭૪૪૭

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**ભાડા સિવાયના આવકના કરારો માટે ઈ-હરાજી**

અમદાવાદ ડિવિઝન પર કેભાડા સિવાયના આવકના કરારો માટે ઇ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. કેટલોગ IREPS વેબસાઈટ www.ireps.gov.in. પર પ્રકાશિત કરી દેવામાં આવ્યુ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-. **કેટલોગ નં. :** NFR-ADI-20-23, **ટેન્ડરનો પ્રકાર :** જાહેરાત **શ્રેણી :** ઓઓએચ મોબાઈલ એસેટ્સ પાર્કિંગ મિક્સ્ડ, **ઈ-હરાજીની તારીખ અને સમય :** તમામ લોટ્સ માટે ઇ-હરાજી તા. 16.09.2023 ના રોજ 11.00 **કલાકે** શરૂ થશે. **નોંધ:- પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ-પ્રમાણે વિગતો ત્યાં ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ ઉપલબ્ધ છે.** પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો 30 મિનિટ નો છે. સફળ લોટ બંધ થવાનો વિરામ 10 મિનિટ નો છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. 140

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**સનરિયા ટેકનિકલ ટેક્સટાઈલ્સ લિમિટેડ**

CIN: L17110GJ1983PLC006309

**રજિસ્ટર્ડ ઓફિસ :** પાર્શ્વનાથ ચેમ્બર્સ, ૨જી માળ, નવી આવકવેરા, અમદાવાદ-૩૮૦૦૧૪.

**ફોન નંબર :** (૦૨૭૯૪) ૨૨૫૨૦૪

**ઈ-મેલ :** sanrhea@gmail.com, **વેબસાઈટ :** www.sanrhea.com

**૪૦મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના**

આથી સુચના આપવામાં આવે છે કે સનરિયા ટેકનિકલ ટેકસટાઈલ લિમીટેડ (કંપની) ના સભ્યોની ૪૦મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ અથવા મીટીંગ) શનિવાર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે વિડીયો કોન્ફરનિંગ (કંપની) દ્વારા યોજવામાં આવશે (વીસી) સુવિધા / અન્ય ઓડિયો વિઝયુઅલ માધ્યમો ('OAVM') માત્ર , કોર્પોરેટ બાબતોના મંત્રાલયે તેના ૮મી એપ્રિલ, ૨૦૨૦ ના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, તારીખ : ૫મી મે, ૨૦૨૦ અને પરિપત્ર નં. ૦૨/૨૦૨૧, તા. ૧૩મી જાન્યુઆરી ૨૦૨૧ અને પરિપત્ર નં. ૨૧/૨૦૨૧, તારીખ ૧૪મી ડીસેમ્બર ૨૦૨૧ અને પરિપત્ર નં. ૦૨/૨૦૨૨ ની તાજેતરની તારીખ ૨૮મી ડીસેમ્બર ૨૦૨૨ (એમસીએ પરિપત્ર) અને પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/ CIR/P/2021/11, તારીખ : ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧ અને પરિપત્ર નં. SEBI/HO/DDHS/P/CIR/2022/0063, તારીખ : ૧૩મી મે, ૨૦૨૨ અને પરિપત્ર નં. SEBI/HO/CRD/PoD-2/P/ CIR/2023/4, તારીખ : ૦૫મી જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ સિકયોરીટીઝ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી પરિપત્ર) દ્વારા બિઝનેસ સેટમાં વ્યવહાર કરવા માટે જારી એજીએમ બોલાવતી નોટીસમાં બહાર કંપનીએ મંગળવાર, ૫ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૩ ની સાથે ૪૦મી એજીએમની નોટીસ માત્ર એવા સભ્યોને જ ઈલેકટ્રોનિક મોડ દ્વારા મોકલી છે કે જેમના ઈમેલ એડ્રેસ કંપની અથવા રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ અને ડિપોઝીટરીઝમાં નોંધાયેલ છે.

કંપનીનો વાર્ષિક અહેવાલ ૨૦૨૨ - ૨૩, અન્ય બાબતોની સાથે, નોટીસ અને ૪૦મી એજીએમનું સ્પષ્ટીકરણ નિવેદન કંપનીની વેબસાઈટ : www.sanrhea.com અને સ્ટોક એકસચેન્જ ની વેબસાઈટ : www.bseindia.com પર ઉપલબ્ધ છે.

રીમોટ ઈ-વોટીંગ :-

કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ (સુધારેલ પ્રમાણે) ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવેલ કાયદાની કલમ ૧૦૮ ની જોગવાઈઓ અનુસાર, ઈન્સ્ટિટયુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ સામાન્ય સભાઓ પર સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ અને લિસ્ટીંગના નિયમન ૪૪ વિનિયમો, સુધારેલા અને એમસીએ પરીપત્રો મુજબ, કંપની એજીએમમાં વ્યવહાર કરવા માટેના વ્યવસાયોના સંદર્ભમાં તેના સભ્યોને રીમોટ ઈ-વોટીંગની સુવિધા પૂરી પાડી રહી છે અને આ હેતુ માટે, તેણે ઈલેકટ્રોનિક માધ્યમથી મતદાનની સુવિધા માટે NSDL ની નિમણૂક કરી છે. તદનુસાર, એજીએમ પહેલાં રીમોટ ઈ-વોટીંગ સિસ્ટમનો ઉપયોગ કરીને સભ્ય દ્વારા મત આપવાની સુવિધા તેમજ એજીએમ દરમીયાન રીમોટ ઈ-વોટીંગની સુવિધા NSDL દ્વારા પૂરી પાડવામાં આવશે.

(એ). રીમોટ ઈ-વોટીંગ સુવિધા નીચેના સમયગાળા દરમિયાન ઉપલબ્ધ રહેશે. (બંને દિવસો સહી) :-

| | |
|---|---|
| રીમોટ ઈ-વોટીંગ ની શરૂઆત | બુધવાર, સપ્ટેમ્બર ૨૭, ૨૦૨૩ સવારે ૯.૦૦ વાગ્યે |
| રીમોટ ઈ-વોટીંગ નો અંત | શુક્રવાર, સપ્ટેમ્બર ૨૯, ૨૦૨૩ સાંજે ૫.૦૦ વાગ્યે |

રીમોટ ઈ-વોટીંગ મોડયુલ NSDL દ્વારા મતદાન માટે નિષ્ક્રીય કરવામાં આવશે અને સભ્યોને ઉલ્લેખિત તારીખ અને સમય પછી ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરવાની મંજુરી આપવામાં આવશે નહીં.

(બી). સભ્યોના મતદાનના અધિકારો શનિવાર, સપ્ટેમ્બર ૨૩, ૨૦૨૩ (કટ ઓફ તારીખ) ના રોજ કંપનીની પેઈડ - અપ ઈકિવટી શેર મૂડીના તેમના હિસ્સાના પ્રમાણમાં હશે. મીટીંગ દરમીયાન રીમોટ ઈ-વોટીંગ સીસ્ટમની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને મીટીંગ માં હાજર રહેલા સભ્યો, જેમણે રીમોટ ઈ-વોટીંગ દ્વારા પહેલાંથી પોતાનો મત આપ્યો નથી તેઓ મીટીંગ દરમિયાન તેમના અધિકારનો ઉપયોગ કરી શકશે. જે વ્યકિતનું નામ માત્ર કટ-ઓફ તારીખે સભ્યોના રજીસ્ટરમાં / લાભદાયી માલિકોના રજીસ્ટરમાં નોંધાયેલ હોય તે એજીએમ પહેલાં / દરમિયાન રીમોટ ઈ-વોટીંગની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે.

(સી). કોઈપણ વ્યકિત જે કંપનીના શેર મેળવે છે અને નોટીસ મોકલ્યા પછી કંપનીની સભ્ય બને છે અને કટ-ઓફ તારીખે શેર ધરાવે છે, તે આના પર વિનંતી મોકલીને રીમોટ ઈ-વોટીંગ માટે લોગીન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે evoting@nsdl.co.in અથવા NSDL દ્વારા પ્રદાન કરવામાં આવેલ ટોલ ફ્રી નં. ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦ પર સંપર્ક કરી શકે છે. જે વ્યકિત કટ-ઓફ તારીખે સભ્ય નથી તેણે એજીએમની સુચનાને માત્ર માહીતીના હેતુ માટે જ ગણવી જોઈએ.

(ડી). જે સભ્યોએ મીટીંગ પહેલા રીમોટ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ પણ મીટીંગમાં ઈલેક્ટ્રોનિક ની હાજરી આપી શકે છે, પરંતુ તેઓ ફરી વોટ આપવા માટે હકદાર નથી.

(ઈ). જે સભ્યોના ઈમેલ એડ્રેસ કંપની / RTNDP સાથે રજીસ્ટર્ડ નથી તેવા સભ્યોના ઈમેલ એડ્રેસ ની નોંધણીની રીત એજીએમ નોટીસમાં ઉપલબ્ધ છે.

(એફ). સ્ક્રુટીનાઈઝર અને સ્પીકર રજીસ્ટ્રેશન માટેની પ્રક્રિયાની વિગતો એજીએમ નોટીસમાં આપવામાં આવી છે.

કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે https://www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગો પર ઉપલબ્ધ સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને સભ્યો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકો છો અથવા NSDL નો સંપર્ક કરી શકો છો અથવા ટોલ ફ્રી નંબર: ૦૨૨ - ૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨ - ૨૪૯૯ ૭૦૦૦.

ઈ-વોટિંગના પરિણામો કંપની દ્વારા તેની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે અને સ્ટોક એક્સચેન્જને પણ તેની જાણ કરવામાં આવશે.

**બોર્ડ ઓફ ડીરેકટર્સના આદેશથી,**
**સનરિયા ટેકનિકલ ટેકસટાઈલ લિમીટેડ,**
**ધર્મેશ પટેલ,**
**કંપની સેક્રેટરી**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૦૫.૦૯.૨૦૨૩**

**શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.**

SHRIRAM HOUSING FINANCE

**રજીસ્ટર્ડ ઓફિસ :** ઓફિસ નં. ૧૨૩, અંગપ્પા નાઈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ-૬૦૦૦૦૧.
**હેડ ઓફિસ :** લેવલ - ૧, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - જી, બાન્દ્રા-કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ-૪૦૦૦૫૧.
**વેબસાઈટ :** www.shriramhousing.in

**પ્રત્યક્ષ પઝેશન નોટીસ**

આથી, **શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ (SHFL)** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત ઉધારકર્તાઓને ડીમાન્ડ નોટીસ જારી કરીને નીચે દર્શાવેલ ટેબલમાં દર્શાવેલ રકમ ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૦૨.૦૯.૨૦૨૩** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ** ની નીચે મુજબની બાકી રકમ વ્યાજ સાથેના બોજાને આધીન રહેશે.

**"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે."**

| ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નું નામ અને સરનામું | ડીમાન્ડ નોટીસ હેઠળ બાકી લ્હેંણી રકમ |
|---|---|
| **(૧). પીઠડીયા પ્રભાત દિલીપભાઈ, (૨). બારૈયા દિવ્યા હિંમતભાઈ, ક્રમ નં. ૧ અને ૨ સરનામું :-** ઘર નં. ૫, સબ પ્લોટ નં. ૧૬ +૧૭/૨, પૈકી દક્ષિણ બાજુએ, જલારામનગર, ઉમા બંગલોઝ, આર.એસ. નં. ૨૨૯ પૈકી, પ્લોટ નં. ૧૬ અને ૧૭, ભરત પેટ્રોલ પંપની સામે, બોમ્બે ચોપાટી આઈસ્ક્રીમ ની પાછળ, ઓફ મોરબી રોડ, રતનપુર, રાજકોટ - ૩૬૦૦૩ **અને સરનામું ૧ અને ૨ :-** બ્લોક નં, ૧૮, કવાર્ટર નં. ૪૧૪, આર.એમ.સી. આવાસ યોજના, નાનાવટી ચોકની પાસે, ગાંધીગ્રામ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭ **અને સરનામું ૧ :-** શ્રી ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ, ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ એરીયા, શેડ નં. ૫, પ્લોટ નં. ૫૧, રાધીકા શેરી નં. ૧, કોઠરીયા, રાજકોટ - ૩૬૦૦૨૨ **અને સરનામું ૨ :-** માબી ન્યુ બોન કેર સેન્ટર, ગોવર્ધન સોસાયટી, ગોલ્ડન સુપર માર્કેટની પાછળ, પંડીત દિનદયાલ ઉપાધ્યાય માર્ગ, વિદ્યાકુંજ સોસાયટી, મેઈન રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫. | રૂા. ૧૫,૬૦,૬૦૭/- (રૂા. પંદર લાખ સાઈઠ હજાર છસ્સો સાત પુરા), તા. ૧૧.૦૫.૨૦૨૩ ના સુધીનું, એકાઉન્ટ નં. SHLHRAJK 0001100, ચડત વ્યાજ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે સાથે ૬૦ દિવસની અંદર રકમ ભરવા જણાવેલ ---------- ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ તા. ૧૨.૦૫.૨૦૨૩ |

**મિલકતનું વર્ણન**

રહેણાંક ઘરનો સબ પ્લોટ નં. ૧૬ + ૧૭/૨, પ્લોટ નં. ૧૬ અને ૧૭, જમીનનું ક્ષેત્રફળ ૬૦-૭૮ સ્કે.મી., "જલારામ નગર" થી જાણીતો એરીયા, રતનપુર, રેવન્યુ સર્વે નં. ૨૨૯ પી, તાલુકો અને જીલ્લો - રાજકોટ. **ચતુઃસીમા (ડોકયુમેન્ટ મુજબ) :- પૂર્વે :** ૯.૦૦ મી રોડ, **ઉત્તરે :** સબ પ્લોટ નં. ૧૬ + ૧૭/૨ પૈકી, ઘર નં. ૬, **પશ્ચિમે :** અન્યની મિલકત, આર.એસ. નં. ૨૨૯, **દક્ષિણે :** સબ પ્લોટ નં. ૧૬ + ૧૭/૩ પૈકી, ઘર નં. ૪.

**સહી/-,**
**સ્થળ : રાજકોટ** — **અધિકૃત અધિકારી,**
**તારીખ : ૦૨.૦૯.૨૦૨૩** — **શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ**